# મહામંત્ર નવકાર દ્વારા રોગોમાંથી મુક્તિ મેળવવા માટેની ચમત્કારિક ગુરૂચાવી

- ૐ ઋષિ પ્રિતેશભાઇ

શાસ્ત્રમાં આપેલા દરેક મંત્રમાં ઇશ્વરીય રહેલી હોય છે. આથી આ કળિયુગમાં તેની શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક આરાધના કરવાથી ફળની પ્રાપ્તિ અચૂક થાય છે. એવો જ એક ચમત્કારિક મહામંત્ર છે નવકારમંત્ર. નવકારમંત્ર એવો અમોઘ મંત્ર છે કે જેનાથી આધ્યાત્મિક, ધાર્મિક અને ભૌતિક કોઇપણ કાર્ય આજના સમયમાં ચોક્કસ પરિપૂર્ણ થાય છે. તેનું સ્મરણ-ધ્યાન-ઉપાસના વિધિપૂર્વક કરવાથી સંપૂર્ણ ફળની આશા અચૂક ફળીભૂત થાય છે. ઇચ્છિત કોઇપણ કાર્યનું સંપૂર્ણ ફળ મેળવવા માટે મંત્રસાધના યોગ્ય પ્રકારે વિધિવત કરવી અત્યંત જરૂરી છે. સોનામાંથી સુંદર આભૂષણો બનાવવા માટે તપાવવાની-ટીપવાની તથા કંઇ કેટલીય પ્રક્રિયા કરવી પડે છે ત્યારે તે સુવર્ણ બને છે. આ જ રીતે શ્રીનવકારમંત્રની ઉપાસના સાધક મજબૂત મનોબળ અને શ્રદ્ધા સાથે વિધિપૂર્વક નિયમિત કરે તો તેનું ફળ અવશ્ય પ્રાપ્ત કરી શકે છે. શાસ્ત્રોમાં પણ આ જાપનાં મહિમાનું એવું વર્ણન કરેલ છે કે આ મહામંત્રની આરાધનાથી આરાધકને તેનો અનુભવ અચૂક થાય છે.

શ્રી નવકારમંત્રનાં પદની રચનામાં જે અક્ષરોનો ઉપયોગ થયેલ છે એ કોઇ સામાન્ય અક્ષરો નથી. ભવસાગરનાં ફેરામાં અટવાઇને, વેરાઇને, ભૂલા પડેલા જીવો માટે મોક્ષની દોરી છે. નવકારનાં અક્ષરો અજરામર પદને અપાવનાર જડીબુટ્ટી છે. આ મહામંત્રનાં જાપથી આત્મામાં દિવ્યતાની અનુભૂતિ થાય છે. આ મહામંત્રનો જાપ ચિંતામણી, કામધેનું અને કલ્પવૃક્ષ કરતાં ય વધારે ફળ આપનાર છે. તેના એક એક શબ્દની રચનામાં 1008 વિદ્યાઓનું પ્રતિપાદન થયેલું છે. આ કોઇ કાલ્પનિક કે ભાવુક કરવા માટેની વાત નથી. પરંતુ વાસ્તવિક અનુભવ છે. જે પણ સાધક નીચે જણાવેલ રોગોની મુક્તિ માટે વિધિ અનુસાર શ્રદ્ધા અને ભક્તિથી જાપ કરશે તો તેને આ વાસ્તવિકતાનો અનુભવ અચુક થશે.

### સંધિવાઃ ૐ પઢમં હવઇ મંગલં

નવકાર મંત્રનું આ પદ પૂર્વ દિશા તરફ મુખ રાખી તાંબાનાં લોટીમાં ઉકાળેલું પાણી ભરી, કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી રાત્રિનાં 8 થી 10 દરમ્યાન નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરીને અને એક વખત ૐકાર ચાલીસા કરી તાંબાનાં લોટામાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી સંધિવાના રોગનાં દુઃખાવામાંથી મુક્તિ મળે છે.

### માથાનો દુખાવો, વલ્ટીગો, માનસિક બીમારીઃ ૐ નમો સિદ્ધાણં

નવકાર મંત્રનું આ પદ આખા દિવસ દરમ્યાન ગમે ત્યારે કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી પૂર્વ દિશા તરફ મુખ રાખી સ્ટીલની વાટકીમાં ઉકાળેલું પાણી ભરી, નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરી

અને એક વખત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી માથાનો દુઃખાવો, વર્ટીગો, માનસિક બીમારીનાં રોગોમાંથી મુક્તિ મળે છે.

હૃદયરોગઃ ૐ એસો પંચ નમુક્કારો

નવકાર મંત્રનું આ પદ રાતનાં 9 થી 11 દરમિયાન પૂર્વ દિશા તરફ મુખ રાખી સ્ટીલ કે તાંબાની વાટકીમાં ઉકાળેલું પાણી ભરી, કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરીને અને એક વખત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી હૃદય રોગની બીમારીથી મુક્તિ મળે છે.

**સાયટીકા, હાડકાંની બીમારીઃ ૐ નમો આયરિયાણં**

નવકાર મંત્રનું આ પદ આખા દિવસ દરમ્યાન ગમે ત્યારે કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી દક્ષિણ દિશા તરફ મુખ રાખી કાંસા કે તાંબાની વાટકીમાં ઉકાળેલું પાણી ભરી નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરીને અને એક વખત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી સાયટીકા, હાડકાંની બીમારી જેવી તકલીફોમાંથી મુક્તિ મળે છે.

**મણકાનો દુખાઃવો, સ્નાયુની તકલીફઃ ૐ નમો અરિહંતાણં**

નવકાર મંત્રનું આ પદ સવારનાં 5 થી 8 દરમ્યાન કોઇપણ કલરનાં ધારણ કરી ઉત્તર દિશા તરફ મુખ રાખી સ્ટીલની વાટકીમાં ઉકાળેલું પાણી ભરી નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરીને અને એક વખત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી સ્નાયુની તકલીફ, મણકાનાં દુઃખાવામાંથી મુક્તિ મળે છે.

ચામડીનાં રોગઃ ૐ પઢમં હવઇ મંગલં

નવકાર મંત્રનું આ પદ પૂર્વ દિશા તરફ મુખ રાખી તાંબાનાં અથવા સ્ટીલનાં લોટામાં ઉકાળેલું પાણી ભરી, કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી, સવારનાં 6 થી 7 દરમ્યાન નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરીને અને એક વખત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી ચામડીનાં રોગથી મુક્તિ મળે છે.

હર્નિઆ, એપેન્ડીક્સ, પથરી, આંતરડા અને પેટની તકલીફઃ ૐ સવ્વપાવપણાસણો

નવકાર મંત્રનું આ પદ દક્ષિણ દિશા તરફ મુખ રાખી તાંબાના લોટામાં ઉકાળેલું પાણી ભરી, કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી રાતનાં 10 થી 12 દરમ્યાન નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરીને અને એક વખત ૐકાર ચાલીસા કરી લોટામાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી હર્નિઆ, એપેન્ડીક્સ, પથરી, આંતરડા અને પેટની બીજી કોઇપણ તકલીફથી રાહત મેળવી શકાય છે.

શ્વાસોચ્છવાસને લગતી તકલીફ, દમ કે ફેફસાનાં રોગોઃ ૐ નમો લોએસવ્વસાહૂણં

નવકાર મંત્રનું આ પદ કરતી વખતે પૂર્વાભિમુખ બેસી, સ્ટીલ કે તાંબાની વાટકીમાં ઉકાળેલું પાણી ભરી, કોઇપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી સવારનાં 8 થી 9 દરમ્યાન નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ કરીને અને એક વખત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવાથી આ શક્તિ સમાન મહામંત્રથી શ્વાસોચ્છવાસને લગતી તકલીફ, દમ કે ફેફસાનાં રોગથી રાહત મેળવી શકાય છે.

<u>શ્રી નવકાર મહામંત્ર</u>

ૐ નમો અરિહંતાણં

ૐ નમો સિદ્ધાણં

ૐ નમો આયરિયાણં

ૐ નમો ઉવજ્ઝાયાણં

ૐ નમો લોએ સવ્વસાહૂણં

ૐ એસો પંચ નમુક્કારો

ૐ સવ્વપાવપણાસણો

ૐ મંગલાણં ચ સવ્વેચિ

ૐ પઢમં હવઇ મંગલં

|| ૐ નમઃ ||